૨૩૨૫૪૩૭૭ (નિયામક)
૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)
૨૩૨૫૬૩૫૯ (હિસાબી અધિકારી)
૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)
ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,
## ગુજરાત રાજ્ય

વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર-૩૮૨૦૧૦
E mail address:-supt-tc-dat@gujarat.gov.in

નં.હિતિનિ/ટીસી/ફા.૧૩૪/ ૩૯૯૫-૪૦૨૪ તા. ૪/૭/૨૦૧૩

વિષય:- પેન્શનરોનાં તબીબી વળતરનાં બીલો બાબત.

<u>પરિપત્ર નં. ૬/૨૦૧૩</u>

રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓ,પેન્શન ચૂકવણા કચેરીઓમાં પેન્શનરોનાં તબીબી વળતરનાં બીલોનાં ચૂકવણા મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગેની બાબત અત્રેની કચેરીના ધ્યાન પર આવેલ છે.

પેન્શનરોને તબીબી વળતરના બીલોનાં ચૂકવણાં નિયત કરેલ સમયમર્યાદામાં અને સરળતાથી મળી રહે તે માટે સરકારશ્રીના ઠરાવો તેમજ અત્રેના વખતોવખતના પરિપત્રો દ્વારા તિજોરી અધિકારીશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે, તેમ છતાં આ બાબતે પેન્શનરો દ્વારા અત્રેની કચેરીને રજૂઆત કરવામાં આવે તે ઈચ્છનીય નથી.

આ બાબતે નીચે મુજબ વધારાની સૂચનાઓ આપવામાં આવે છે.

૧. પેન્શનર તરફથી તબીબી વળતરનાં બીલ **TO / PPO** માં રજુ થાય ત્યારે નિયમોનુસાર ની સંપૂર્ણ ચકાસણી કરી બીલમાં અધુરાશ/ક્ષતિ જણાતી હોય, તો તે અંગેના વાંધા એક સાથે આપવા.

૨. બીલ પૂર્તતા કરી પુનઃ રજુ થાય ત્યારે ચકાસણી બાદ બીજી વખત વાંધો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તિજોરી અધિકારીશ્રીની સહીથી જ વાંધો આપવાનો રહેશે. તિજોરી અધિકારીએ બીજી વખત વાંધો આપતાં પહેલાં અગાઉના વાંધાની કરેલ પૂર્તતા સંપૂર્ણ ચકાસી, જે વાંધાને નિયમોનુસાર સમર્થન પ્રાપ્ત ન હોય તેને રદ્દ કરવા તથા આવા વાંધાઓ હવે પછી ન લેવા કચેરીનાં તમામ કર્મચારીને જરૂરી સૂચના આપવી.

૩. અત્રેની કચેરીના પરિપત્ર નં. ૨૨/૧૯૮૩ તા.03/06/૧૯૮૩ થી નિયત કરેલ નમુનાનાં રજીસ્ટરમાં તબીબી વળતરનાં બીલોની નોંધ રાખવી.

૪. અત્રેની કચેરીનાં ધ્યાને આવેલ છે કે, કેટલીક તિજોરી કચેરીઓમાં મેડીકલ બીલની ઝેરોક્ષ નકલ પેન્શનર પાસે માંગવામાં આવે છે. આ બાબત નિયમોનુસાર નથી તેથી જે તિજોરી કચેરીઓમાં આવી પ્રથા ચાલુ હોય તેમણે તાત્કાલિક અસરથી આવી પ્રથા બંધ કરવી.

૫. તિજોરી અધિકારીશ્રી દ્વારા કચેરી કામગીરી બાબતે જાતે સમીક્ષા કરી, નિયમોનુસાર ન હોય તે પ્રથા તાત્કાલિક અસરથી બંધ કરવી

ઉપરોક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સંયુક્ત નિયામક
(તિજોરી નિયંત્રણ)

પ્રતિ,

૧. શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,જિલ્લા તિજોરી કચેરી,...............................

૨. તિજોરી અધિકારીશ્રી,પેન્શન ચૂકવણાં કચેરી, અમદાવાદ/ગાંધીનગર

નકલ રવાના:-

૧. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી(પેન્શન) હિ.તિ.નિ. કચેરી,ગાંધીનગર.

૨. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ. કચેરી,(પેન્શન) ગાંધીનગર.